# શિક્ષણ વિદ્યાશાખા (IASE) : ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-380009

## બી.એડ્.-એમ.એડ્. પ્રવેશ સમિતિ (2023-24)

(ઉમેદવારે પ્રવેશ સંબંધિત આ સૂચનાઓ વાંચી, સમજી, અનુસરીને ઓનલાઈન અરજીપત્રક ભરવું.)

## <u>પ્રવેશ સંબંધિત સૂચનાઓ</u>

1. NCTE ના નિયમાનુસાર બી.એડ્., બી.એડ્.હિન્દી, એમ.એડ્. ના પ્રવેશ માટે બહુવિકલ્પ પ્રકારની 50 ગુણની પ્રવેશ કસોટી યોજાશે.

2. પ્રવેશ કસોટીના પ્રશ્નપત્રોની વિગત :

   2.1 બી.એડ્. અને બી.એડ્.હિન્દી ના પ્રવેશ કસોટીના પ્રશ્નપત્રોની વિગત :

   - શિક્ષક અભિયોગ્યતા - 25 ગુણ
   - ઉમેદવારના સ્નાતક/અનુસ્નાતકના મુખ્ય વિષય સાથે સંબંધિત તેવા ગુજરાતી, અંગ્રેજી, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, સંસ્કૃત, ગણિત, હિન્દી વિષય પૈકી કોઈ એક વિષયની કસોટી (ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના ધોરણ 6 થી 10 ના પ્રવર્તમાન અભ્યાસક્રમ આધારિત) - 25 ગુણ

   કુલ ગુણ - 50 ગુણ

   2.2 એમ.એડ્. ના પ્રવેશ માટેની કસોટીના પ્રશ્નપત્રો :

   - શિક્ષક અભિયોગ્યતા - 25 ગુણ
   - શૈક્ષણિક મનોવિજ્ઞાન, માપન-મૂલ્યાંકન, પ્રત્યાયન ટેક્નોલોજી પ્રશ્નો-પ્રવાહો સંબંધિત બી.એડ્.ના કોર્સ આધારિત પ્રશ્નોની કસોટી - 25 ગુણ

   કુલ ગુણ - 50 ગુણ

3. મેરીટની વિગત:

| 3.1 બી.એડ્. અને બી.એડ્.હિન્દી માટે | | 3.2 એમ.એડ્. માટે | |
|---|---|---|---|
| વિગત | ભારાંક (ટકા) | વિગત | ભારાંક (ટકા) |
| સ્નાતક કક્ષાએ પ્રાપ્ત કરેલ ટકા | 80 | સ્નાતક કક્ષાએ પ્રાપ્ત કરેલ ટકા | 10 |
| અનુસ્નાતક કક્ષાએ પ્રાપ્ત કરેલ ટકા | 20 | બી.એડ્.કક્ષાએ પ્રાપ્ત કરેલ ટકા | 80 |
| પ્રવેશ કસોટીમાં મેળવેલ ગુણ | 100 | અનુસ્નાતક કક્ષાએ પ્રાપ્ત કરેલ ટકા | 10 |
| | | પ્રવેશ કસોટીમાં મેળવેલ ગુણ | 100 |

4. પ્રવેશ પ્રક્રિયાનું સંભવિત શિડ્યુલ :

| ક્રમ | તારીખ/વાર | વિગત |
|---|---|---|
| 1 | તા.20-03-2023 સોમવારના રોજ | પરીક્ષાર્થીઓની યાદી વેબસાઇટ પર મૂકાશે. જે પ્રવેશ વાંચ્છુએ અવશ્ય તપાસી લઈ પોતાનો પરીક્ષા ક્રમાંક જાણી લેવાનો રહેશે. |
| 2 | તા.26-03-2023 રવિવાર સવારે 11:00 કલાકે | પ્રવેશ કસોટી યોજાશે. |
| 3 | તા.03-04-2023 સોમવાર | પ્રથમ અગ્રતા યાદી, પ્રવેશ નિશ્ચિત કરવા તા.13-04-2023 સુધીમાં ફી ભરવી. |
| 4 | તા.17-04-2023 સોમવાર | બીજી અગ્રતા યાદી, પ્રવેશ નિશ્ચિત કરવા તા.27-04-2023 સુધીમાં ફી ભરવી. |
| 5 | તા.01-05-2023 સોમવાર | ત્રીજી અગ્રતા યાદી, પ્રવેશ નિશ્ચિત કરવા તા.10-05-2023 સુધીમાં ફી ભરવી. |
| 6 | તા.11-05-2023 ગુરુવારથી | ખાલી રહેતી બેઠકો માટે વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. |

5. શિક્ષણ પદ્ધતિના વિષયનાં જૂથ :

5.1 બી.એડ્. માટે :

જૂથ-1 : ગુજરાતી, અંગ્રેજી, વિજ્ઞાન

જૂથ-2 : સામાજિક વિજ્ઞાન, સંસ્કૃત, ગણિત, હિન્દી

નોંધ: (1) ઉમેદવારોએ પોતાના મુખ્ય વિષયના જૂથ સિવાયના જૂથમાંથી સંબંધિત એક વિષય શિક્ષણ પદ્ધતિ તરીકે લેવાનો રહેશે.

(2) સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ ઇતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર, રાજશાસ્ત્ર સમાજશાસ્ત્ર, સમાજવિદ્યા, સમાજ નવરચના અને સમાજ માનવશાસ્ત્ર વિષય હોય તેઓ સામાજિક વિજ્ઞાન શિક્ષણ પદ્ધતિ પસંદ કરી શકશે.

5.2 બી.એડ્. હિન્દી માટે :

ઉમેદવારે પોતાના મુખ્ય વિષય હિન્દી ઉપરાંત ગુજરાતી/અંગ્રેજી આ બેમાંથી કોઈ એક વિષય બીજી શિક્ષણ પદ્ધતિ તરીકે લેવાનો રહેશે.

6. બી.એડ્., બી.એડ્. હિન્દી અને એમ.એડ્. માટે દરેકની કુલ 50 બેઠકો છે. આ બેઠકોનું વિષયવાર વર્ગીકરણ નીચે મુજબ છે. (કેન્દ્ર સરકારના અનામત અંગેના નિયમોને અનુસરીને પ્રવેશ આપવામાં આવશે.)

| કોર્સ | વિષય | એસ.સી. 15 ટકા | એસ.ટી. 7.5 ટકા | એસઈબીસી 27 ટકા | સામાન્ય Gen. | બેઠકોની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| બી.એડ્. | ગુજરાતી | 1 | 1 | 2 | 5 | 9 |
| | અંગ્રેજી | 1 | 1 | 2 | 4 | 8 |
| | વિજ્ઞાન | 1 | 1 | 2 | 4 | 8 |
| | ગણિત | 1 | 1 | 2 | 4 | 8 |
| | સામાજિક વિજ્ઞાન | 1 | 1 | 2 | 5 | 9 |
| | સંસ્કૃત | 1 | 1 | 2 | 4 | 8 |
| બી.એડ્. હિન્દી | | 8 | 4 | 13 | 25 | 50 |
| એમ.એડ્. | | 8 | 4 | 13 | 25 | 50 |

• દિવ્યાંગ(PH) ઉમેદવારો, જમ્મુ-કાશ્મીર રાજ્યના ઉમેદવારો તથા આર્થિક પછાત વર્ગ(EWS) ના ઉમેદવારો માટે નિયમાનુસાર બેઠકો ફાળવવામાં આવશે. (કેન્દ્ર સરકારના અનામત અંગેના નિયમો મુજબ ફેરફારને અવકાશ છે.)

• અરજી કરવા માટે ઉમેદવાર 10+2 સ્તરે પાસ હોવો આવશ્યક છે.

• પ્રવેશની લઘુતમ લાયકાત સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ 50% રહેશે, જેમાં SC/ST/OBC/PWD કેટેગરીના ઉમેદવારોને 5% છૂટ આપવામાં આવશે.

• પદવી અંતર્ગત કોઈ વિષય / કેટેગરીમાં ઉમેદવારોને અભાવે ખાલી રહેતી બેઠક અન્ય વિષય/કેટેગરીમાં તબદીલ થવાપાત્ર રહેશે.

7. છાત્રાલય નિવાસ અંગે સંસ્થાના નિયમોને અનુસરવાનું રહેશે.

8. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રેગીંગ કરવું તે ફોજદારી ગુનો છે. આ બાબતે UGC એ સને 2009 માં નિર્ધારિત કરેલ કાયદાની ગંભીરતા સમજી સ્વયં આ અંગે સમજ મેળવી લેવાની રહેશે તથા પોતાના વાલીને પણ આ અંગે સમજ આપવાની રહેશે. ભૂતકાળમાં રેગીંગ સંબંધી ગુનામાં સંડોવાયેલ હોય તો તેની પ્રવેશ મેળવતાં પૂર્વે સંસ્થાને જાણ કરવાની રહેશે. રેગીંગ સંબંધી કોઈપણ પ્રક્રિયાને પ્રોત્સાહન આપવામાં સહભાગી થતાં વિદ્યાર્થીનો પ્રવેશ રદ થશે અને તેને સંસ્થા જે સજા નક્કી કરે તે ભોગવવાની રહેશે.

9. ઉમેદવારના પ્રવેશ સંબંધિત કોઈ વિવાદ ઊભો થાય તો તે અંગે આખરી નિર્ણય NCTE અને ગુજરાત વિદ્યાપીઠના નિયમોને ધ્યાનમાં રાખી પ્રવેશ સમિતિ વર્ષ (2023-24) નો રહેશે.

(પ્રો.ડાહ્યાભાઇ એમ.પટેલ)
પ્રવેશ સમિતિ અધ્યક્ષ

તા.23-01-2023

(પ્રો.દીપુબા દેવડા)
અધ્યક્ષ/ડીન/નિયામક
શિક્ષણ વિદ્યાશાખા (IASE)
ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦૦૧૪